PATIENT SAFETY & QUALITY OF CARE
NABH
ACCREDITED

EPIC HOSPITAL
(A Unit of Vatsalya Healthcare LLP)

**૧૪૮ બેડની અત્યાધુનિક મલ્ટીસુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલ**




# એપિક હોસ્પિટલ એલર્જી-અસ્થમા ક્લિનિક

## દર શનિવારે સવારે 10:00 થી બપોરે 2:00 સુધી

**એપોઇન્ટમેન્ટ:** **+91 72270 48703, + 91 72270 74441**

## એલર્જી એટલે શું?

"એલર્જી" શબ્દનો સૌ પ્રથમ ઉપયોગ ઈ.સ. 1906 માં વૉન પિરકેટ નામના વેજ્ઞાનિક દ્વારા અમુક પ્રકારની શારીરિક પ્રતિક્રિયાના સંદર્ભમાં થયો હતો. આજે તબીબીવિજ્ઞાને  એ સાબિત કર્યું છે કે, એલર્જી એટલે બિનચેપી અને આસપાસના વાતાવરણમાં વ્યાપક એવા ઘટકો શરીરના સંપર્કમાં આવતા થતી પ્રતિક્રિયા. આ પ્રકારની શારીરિક પ્રકૃતિ કે તાસીર, જે ઘણાખરા કિસ્સાઓમાં આનુવંશિક પણ હોય છે, તેને "અતિસંવેદનશીલતા" (hypersensitivity), જ્યારે એલર્જી ઉત્પન્ન કરનાર ઘટકોને એલર્જન તરીકે ઓળખવામાં આવે છે. અતિસંવેદનશીલ વ્યક્તિઓ જ્યારે એલર્જન ના સંપર્ક માં  શ્વાસોશ્વાસ, ખોરાક કે સ્પર્શ વડે આવે છે ત્યારે અનુક્રમે નાક-ગળાની / શ્વાસનળીઓની, આંતરડાની અને ત્વચાની એલર્જી ઉદભવે છે.

## એલર્જી-અસ્થમાના લક્ષણો:

એલર્જી ઉદભવતા અમુક ચોક્કસ પ્રકારની વર્તણૂક (behavior)  જોવા મળે છે  જેના દ્વારા એલર્જન નો શરીરમાંથી નિકાલ થઇ શકે - જેમ કે નાકમાંથી પાણી પડવું  છીંકો આવવી  ઉધરસ આવવી  કફ/ગળફો પડવો  ખંજવાળ આવવી વગેરે. પરંતુ ઘણી વખત શ્વસનતંત્ર ની અંતઃત્વચા પર સોજો ચડી જતા શ્વાસ ચડવો  છાતીમાં ભીંસ થવી  સસણી-સીસોટી બોલવી જેવા ગંભીર લક્ષણો પણ જણાતા હોય છે. "એનાફાઈલેક્સીસ" માં મધમાખી જેવા જંતુ ના કરડવાથી કે કોઈ દવા થી એટલી ગંભીર પ્રતિક્રિયા મળે છે કે તેને જીવલેણ એલર્જી તરીકે ઓળખવામાં આવે છે. આમ  એલર્જી સામાન્ય થી લઈ જીવલેણ ગણાતા લક્ષણો ઉત્પન્ન કરી શકે છે.એલર્જી ઉદભવતા અમુક ચોક્કસ પ્રકારની વર્તણૂક (behavior) જોવા મળે છે, જેના દ્વારા એલર્જન નો શરીરમાંથી નિકાલ થઇ શકે - જેમ કે નાકમાંથી પાણી પડવું, છીંકો આવવી, ઉધરસ આવવી, કફ/ગળફો પડવો, ખંજવાળ આવવી વગેરે. પરંતુ ઘણી વખત શ્વસનતંત્ર ની અંતઃત્વચા પર સોજો ચડી જતા શ્વાસ ચડવો, છાતીમાં ભીંસ થવી, સસણી-સીસોટી બોલવી જેવા ગંભીર લક્ષણો પણ જણાતા હોય છે.  "એનાફાઈલેક્સીસ" માં મધમાખી જેવા જંતુ ના કરડવાથી કે કોઈ દવા થી એટલી ગંભીર પ્રતિક્રિયા મળે છે, કે તેને જીવલેણ એલર્જી તરીકે ઓળખવામાં આવે છે. આમ, એલર્જી સામાન્ય થી લઈ જીવલેણ ગણાતા લક્ષણો ઉત્પન્ન કરી શકે છે.

## એલર્જીની આગેકૂચ:

એલર્જી મુખ્યત્વે નાક-ગળાની (rhinosinusitis) શ્વાસનળીઓની (asthma) અને ચામડીની (dermatitis) પ્રકારે પ્રદર્શિત થતી હોય છે. મોટા ભાગના દર્દીઓમાં તેમનુ વત્તાઓછા અંશે મિશ્રણ જોવા મળે છે. એક વિચારધારા અનુસાર dermatitis અને rhinosinusitis ના દર્દીઓ ભવિષ્ય માં asthma થી ગ્રસ્ત થાય છે એટલે કે "એલર્જીની આગેકૂચ" (allergic march) થાય છે તેવું પણ મનાય છે અને એટલે જ એલર્જી નું નિદાન જેટલું વહેલું થાય તેટલું જ તેને કાબૂમાં રાખવાની તકેદારી લઈ આગેકૂચ અટકાવી શકાય છે.

## IGE અને અતિસંવેદનશીલતાના ટેસ્ટ:

આધુનિક તબીબીવિજ્ઞાન માં મુખ્યત્વે ચાર પ્રકારની અતિસંવેદનશીલતા નો અભ્યાસ કરવામાં આવે છે. એલર્જી ના દર્દીમાં એ જાણવું અત્યંત જરૂરી છે કે કયા પ્રકારની અતિસંવેદનશીલતા પોતાનો ભાગ ભજવી રહી છે. લગભગ દર્દીઓમાં IGE દ્વારા એલર્જીક પ્રતિક્રિયાઓ થતી હોય છે. IGE એ શરીરની રોગપ્રતિકારકતા નો એક ભાગ છે. રીએજિન તરીકે ઓળખાતુ આ પ્રોટીન ને type 1 hypersensitivity નું નિર્દેશક ગણવામાં આવે છે. ચોક્કસ પ્રકારના એલર્જન ના પ્રતિકાર માટે તેનું પ્રમાણ વધી જાય છે અને જુદા જુદા inflammatory mediators ઉત્પન્ન થતા ઉપર જણાવેલા એલર્જીના લક્ષણો પ્રદર્શિત થાય છે.

## એલર્જન ઇમ્યુનોથેરાપી/Allergy Vaccine Therapy (AIT) એટલે શું?

એલર્જન ઇમ્યુનોથેરાપી (AIT)/ Allergy Vaccine Therapy એલર્જીથી લાંબા ગાળાની મુક્તિ માટે અપનાવાતી સારવાર પદ્ધતિ છે. હાલમાં ઉપલબ્ધ દવાઓ એલર્જીના લક્ષણો ને કાબૂમાં રાખી શકે છે તેમજ વારંવાર થતાં ઉથલાઓથી બચાવી શકે છે પરંતુ એલર્જીને સંપૂર્ણપણે મટાડી શકતી નથી. AIT સારવાર દ્વારા કારક મેજર એલર્જન નું "ઈમ્યુન ટોલરન્સ" કેળવી શકાય છે. જેથી જ્યારે પણ તે એલર્જન શરીર ના સંપર્ક માં આવે ત્યારે IGE મારફત પ્રતિક્રિયા કરવામાં નિષ્ફળ જાય છે. ટૂંકમાં એલર્જીને મટાડી શકાય છે.

## એલર્જી-અસ્થમા ક્લિનિકની જરૂરિયાત:

એલર્જીથી લાંબાગાળાનો છુટકારો મેળવવા માટે તેમજ ait સફળતા મેળવશે કે નહીં તે માટે દર્દીની પ્રકૃતિ ને સમજવી ખૂબ જ જરૂરી છે. શરીરની તપાસ આસપાસના પર્યાવરણની ઊંડી સમજ અને જરૂરી ટેસ્ટ દ્વારા રોગની તીવ્રતા અને કારક એલર્જન ની ઓળખાણ કરીને લક્ષણોને કાબૂમાં કરી છે. એલર્જી ને નિયંત્રણમાં લાવી શકાય છે અને અમુક પ્રકારની એલર્જી ને મટાડી પણ શકાય છે. "સંકુલિત એલર્જી ક્લિનિક" વિવિધ પ્રકારની એલર્જીથી પીડાતા તમામ દર્દીઓને વૈજ્ઞાનિક પદ્ધતિથી નિદાન તથા સારવાર આપવાનો એક નવતર અભિગમ છે.

## મળો અમારા એલજી-અસ્થમા સ્પેશિયાલિસ્ટને



### ડો. જયકુમાર મહેતા

**M.D., D.N.B., P.D.F., (CMC,Vellore)**
**કન્સલ્ટન્ટ પલ્મોનોલોજીસ્ટ એલર્જી- અસ્થમા સ્પેશિયાલિસ્ટ**

ડો. જયકુમાર મહેતા તબીબી ક્ષેત્રે વિશ્વવિખ્યાત એવી સંસ્થા ક્રિશ્ચિયન મેડિકલ કોલેજ વેલ્લોર (CMC, Vellore માંથી ઇન્ટરવેન્શનલ પલ્મોનરી પ્રોસિજર્સમાં તાલીમ લેનારા સૌપ્રથમ ગુજરાતીમાં નાં એક છે.

# એપિક હોસ્પિટલ એલર્જી-અસ્થમા ક્લિનિકની વિશેષતાઓ:

+ નિષ્ણાત એલર્જી-અસ્થમા સ્પેશિયાલિસ્ટ દ્વારા માર્ગદર્શન
+ અધતન મોલેક્યુલર ટેસ્ટિંગ વડે એલર્જી કરનાર ઘટક ઓળખાણ
+ જીવનશૈલી બદલાવ તેમજ એલર્જન એવોઇડન્સ પર સલાહ સૂચન
+ એલર્જન વેક્સિન/એલર્જન ઇમ્યુનોથેરાપી દ્વારા સારવાર
+ પંપ/ ઈનહેલર દવાઓ પરનું સચોટ માર્ગદર્શન
+ સ્પાયરોમેટ્રી ટેસ્ટ / પોસ્ટ બ્રોન્કો-ડાયલેટર ટેસ્ટ દ્વારા આસ્થમાની તીવ્રતા નું નિદાન
+ ઈમ્પલ્સ ઓસીલોમેટ્રી દ્વારા શ્વાસનળીમાંના અવરોધનું સચોટ નિદાન




**EPIC HOSPITAL**
(A Unit of Vatsalya Healthcare LLP)


રિસેપ્સન - + 91 79 68155000 | 68155003 | 68155006
ઈમરજન્સી - + 91 79 68155001 | 68155002
એપોઇન્ટમેન્ટ - કાર્ડિયાક ઓ.પી.ડી. - + 91 9825083662 | 72270 74440
એપોઇન્ટમેન્ટ - અન્ય ઓ.પી.ડી. - + 91 7227074441
હેલ્થ ચેક અપ - + 91 79 68155000

એપિક હોસ્પિટલ, એમ્પાયર ડૉક્ટર હાઉસ, કારગિલ પેટ્રોલ પંપ પાસે, એસ. જી. રોડ, સોલા, અમદાવાદ - 380060

info@epichospital.com www.epichospital.com